

કે.ડી NEWS

તારીખ : 01/03/2026

# સાવરકુંડલા કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે 50 વર્ષથી વધુ ઉંમરના ભાઈ બહેનોનો રમતોત્સવ યોજાયો



સાવરકુંડલા કૃષ્ણકુમારસિંહજી વ્યાયામ મંદિર ખાતે 50 વર્ષથી વધુ ઉંમરના ભાઈ બહેનો નો રમતોત્સવ યોજાયો શારીરિક અને માનસિક પ્રક્રિયાઓ ના સમન્વય સાથે ઈજા મુક્ત રમતનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં 50 વર્ષથી વધારે ઉંમરના ભાઈ બહેનો એ ભાગ લેવા માટે પોતાની રજીસ્ટ્રેશન કરાવ્યું હતું ખાસ કરીને ધીમી વિઘ્નદોડ અને સંગીત ખુરશી જેવી બે સ્પર્ધાઓ યોજાઈ હતી જેમાં 200 જેટલા ભાઈ બહેનો એ ભાગ લીધો હતો 50 વર્ષથી 84 વર્ષ સુધીના ભાઈ બહેનો આ સ્પર્ધામાં જોડાયા હતા અને પ્રથમ બીજો અને ત્રીજો એમ ત્રણ નંબરો જુદી જુદી સ્પર્ધામાં આપવામાં આવ્યા હતા. ખાસ મહત્વની વાત એ છે કે આ સ્પર્ધા ની અંદર સાવરકુંડલા માનવ મંદિર આશ્રમના સંત ભક્તિ બાપુ સાવરકુંડલાના ધારાસભ્યો મહેશભાઈ કસવાળા એપીએમસીના ચેરમેન દીપક માલાની ડોક્ટર વડેરા સાહેબ સંસ્થાના ટ્રસ્ટી મુકુંદભાઈ નાગ્રેચા તેમજ ડોક્ટર દીપકભાઈ શેઠ સહિતના મહાનુભાવો આ સ્પર્ધામાં ભાગ લઈ પોતાનું બચપન યાદ કર્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને આયોજક કેતનભાઈ ખુમાણ તથા વિનુભાઈ રાવળ દ્વારા કરવામાં આવ્યું હતું

કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

# સાવરકુંડલામાં વિકાસના કાર્યોનું ખાતમુહૂર્ત થયું..



સ્વર્ણિમ મુખ્યમંત્રી શહેર વિકાસ યોજના અંતર્ગત યુ.ડી.પી 88 અંદાજિત ખર્ચ રૂપિયા 114 લાખના ખર્ચે પોલીસ સ્ટેશન થી જુના બસ સ્ટેન્ડ થી નાવલી બ્રિજ સુધીનો સીસી રોડ 500 મીટર લંબાઈ 11 મીટર નો પહોળો સીસી રોડની બંને સાઈડ બ્લોક રોડનું ખાતમુહૂર્ત સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલાના વરદ હસ્તે થયું હતું. આ તકે સાવરકુંડલા નગરપાલિકાના પ્રમુખ મેહુલભાઈ ત્રિવેદી, ઉપ-પ્રમુખ પ્રતિકભાઈ નાકરાણી,ચીફ ઓફિસર શ્રી સાવનભાઈ રતાણી સહિત નગરપાલિકા નો સ્ટાફ, રાજકીય,સામાજિક આગેવાનો, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.







તારીખ : 01/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વિહોત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-1 નું 100% બુકીંગની સફળતા પછી નવી સફળતાની ઉંચાઈઓ સર કરવા જઈ રહ્યું છે...

**સાવરકુંડલાની તદ્દન નજીક ભુવા રોડ ઉપર જયાં ઈન્ડસ્ટ્રીઓ કાર્યરત છે તેવા ભરચક તેમજ રોડ ટચ એરીયામાં**

# વિહોત ઈન્ડસ્ટ્રીયલ પાર્ક-2 નુ બુકીંગ શરૂ

## સુવિધાઓ

* સોનાની લગડી જેવા 31 પ્લોટ એ પણ બધાને પોસાય તેવી કિંમતમાં
* લાઈટ કનેકશનની વ્યવસ્થા
* ગટરલાઈનની વ્યવસ્થા
* આખા પ્લોટને ફરતી બાઉન્ડ્રી
* સાર્વજનિક પ્લોટની વ્યવસ્થા
* પાણીનો કોમન દાર તેમજ ઘણુ બધું...




**સાઈટ એડ્રેસ**
ભુવા રોડ, વિહોત ટ્રેડર્સના અને સત્યમ ઈન્ડસ્ટ્રીઝની વચ્ચે, સાવરકુંડલા

**દલાલભાઈઓ આવકાર્ય**

## જયાં સફળતા ડબલ હોય અને તક પણ ડબલ હોય તેવી જગ્યા......

## આજે જ બુકીંગ માટે સંપર્ક કરો...

| અશોકભાઈ બી. ટાંક | કમલેશભાઈ એ. ટાંક | દિનેશભાઈ ભાલાળા |
|---|---|---|
| મો. 98245 12044 | મો. 94290 75585 | મો. 98983 03620 |

તારીખ : 01/03/2026

# સોમવારે હોલિકા દહન થશે અને ધુળેટી બુધવારે..



## સોમનાથ સહિત મંદિરોમાં તારીખ 2 ના હોળી અને દ્વારકામાં તારીખ 3 ના ફુલડોલ મહોત્સવ..

આ વખતે લોકોમાં હોળી ક્યારે છે અને ધુળેટી ક્યારે છે એ પ્રશ્નો થઈ રહ્યા છે ત્યારે સોમનાથ સહિત મંદિરોની વાત કરવામાં આવે તો તારીખ 2 માર્ચ 2026 સોમવારના રોજ હોળી અને 3 માર્ચ 2026 ના રોજ ફુલ ડોલ મહોત્સવ ઉજવાશે અને આમ જોઈએ ભારતીય કેલેન્ડર મુજબ તો ફાગણ સુદ પૂનમના દિવસે ઉજવાતી હોળી આ વર્ષે તારીખ 2 માર્ચ 2026 સોમવારે સાંજે 5:55 થી મંગળવાર સાંજ સુધી છે જેના પગલે સોમનાથ જ્યોતિર્લિંગ, અને ચોટીલામાં ચામુંડા ધામ સહિત મંદિરોમાં અને વિવિધ આયોજકોની જાણકારી અને વિગત મુજબ તિથિની મૂંઝવણ વચ્ચે હવે સૌરાષ્ટ્ર ભરમાં હોલિકા દહન સોમવારની સાંજે 8:00 વાગ્યાની આસપાસ કરવા નિર્ણય લેવાયો છે પરંતુ રંગોનો ઉત્સવ ધુળેટી હોળીના બીજા દિવસ તારીખ 3 ના બદલે આ વર્ષે તારીખ 4 માર્ચ 2026 બુધવારે ઉજવાશે. અને આમ તારીખ 3 માર્ચ 2026 મંગળવારના રોજ ચંદ્રગ્રહણ છે અને ભારતમાં દેખાવાનું છે જે સમયે રંગોત્સવ ઉજવી ન શકાય તેવી આસ્થા છે એટલા માટે આ દિવસે પ્રસિદ્ધ દ્વારકાધીશના મંદિરમાં સવારે 11 થી 12 લાખો ભાવિકોની હાજરીમાં ફુલડોલ મહોત્સવ ઉજવાશે અને બાદ રાત્રીના 8:00 સુધી દર્શન બંધ રહેશે પરંતુ ચોટીલા ચામુંડા ધામની વાત કરવામાં આવે તો આ દિવસે પૂનમ ઉજવાશે પરંતુ ગ્રહણ નું સૂતક પાળવામાં નહીં આવે અને દર્શન માટે દ્વાર વહેલા રાત્રે 2:30 વાગ્યે જ ખુલી જશે.ત્યારે સોમવારે હોલિકા દહન થશે અને ધુળેટી બુધવારે ઉજવાશે.

નો નેગેટીવ ન્યુઝ
# કે.ડી. NEWS
તારીખ : 01/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# એક્યુરેટ ઈન્ડસ્ટ્રીયલ હબ

Accurate ★★★★★ Top In Town

## બુકીંગ શરૂ...

વહેલા તે પહેલાના ધોરણે

મિત્રો, શુભેચ્છકો, ગ્રાહકો અને દલાલમિત્રોને પધારવા ખાસ આમંત્રણ




* NA થયેલ ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ * અમરેલી નેશનલ હાઈવે ટચ
* બાયપાસથી નજીક * શહેરથી માત્ર ૧૦ મિનિટના અંતરે...

**સ્થળ : એક્યુરેટ પેટ્રોલિયમની બાજુમાં, બાયપાસ પછી, અમરેલી રોડ, સાવરકુંડલા.**

ઓફીસ : એક્યુરેટ પેટ્રોલિયમ, અમરેલી રોડ, સાવરકુંડલા
સમય : સવારે ૧૦ થી આપના આગમન સુધી

સંપર્ક : રાજુભાઈ દોશી - મો. ૯૮૭૯૫ ૮૦૬૯૦
ભુપતભાઈ યાદવ - મો. ૮૩૪૭૧ ૬૨૧૯૦

કે.ડી. NEWS
તારીખ : 01/03/2026

# બગસરામાં મોરારીબાપુ દ્વારા "માનસ મેઘાણી" કથા ગાન આરંભાશે

## સાડા ચાર દાયકાના અંતરાલ પછી બગસરાને બારણે બાપુનું આગમન

## રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના જીવન કવનનું મહિમા ગાન માનસના સંદર્ભે થશે




મોરારીબાપુના કુલ કથા ક્રમની ૯૭૩મી રામકથા ૭ માર્ચથી બગસરા ખાતે આરંભાશે. સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ સાહિત્યકાર - સંશોધક ઝવેરચંદ મેઘાણીની પુણ્ય સ્મૃતિ રૂપે, એમના પૈતૃક વતન બગસરામાં કથાનું આયોજન ગોઠવાયું છે.મેઘાણીભાઈનું દેહાવસાન ૯ માર્ચ, ૧૯૪૬માં બોટાદ ખાતે થયેલું. એ રીતે એમની એંસીમી પુણ્ય તિથિના અનુસંધાને, સમગ્ર ગુજરાતનું સાહિત્ય વિશ્વ, "માનસ મેઘાણી" રામકથાનાં માધ્યમથી એક સમર્થ સાક્ષરનું પુણ્ય સ્મરણ કરશે.ઉલ્લેખનીય છે કે ૪ જાન્યુઆરી ૨020 માં ગુજરાતના મહા કવિ શ્રી ઉમાશંકર જોશીના સ્મરણમાં તેમના વતન બામણા(હિંમતનગર) ખાતે પૂજ્ય બાપુએ "માનસ ઉમાશંકર" શિર્ષક અંતર્ગત કથા ગાન કરેલું. એ વખતે બાપુએ વ્યાસપીઠ પરથી મેઘાણીભાઈને અંજલિ આપવા માટે "માનસ મેઘાણી" કથા કરવાનો મનોરથ વ્યક્ત કરેલો. કથા ગાન માટે સ્થળ પસંદગી માટે ચોટીલા, બોટાદ, રાણપુર, પાળીયાદ, અમરેલી.... વગેરે નામો વિચારાધિન હતા. પરંતુ આખરે મેઘાણીભાઈના માદરે વતન બગસરા પર વ્યાસપીઠે પસંદગી ઉતારી અને એ રીતે યોગ, લગન, ગ્રહ, વાર અને તિથિ અનુકૂળ થતાં પૂજ્ય બાપુના શ્રી મુખથી માનસ કથા સાથે મેઘાણી કથા આરંભાઈ રહી છે.બગસરામાં પૂજ્ય બાપુની અગાઉ એક કથા થઈ ચૂકી છે - કુલ કથા ક્રમની એ ૨૧૭ મી કથા હતી, જે ૬-૫-૧૯૮૦ માં યોજાયેલી. બગસરાની આગામી કથા ૭-૩-૨૦૨૬ થી આરંભાશે. બરાબર ૪૫ વર્ષ અને દસ મહિના પછી (૪૬ વર્ષ) પછી બાપુની વ્યાસપીઠ બગસરા પધારી રહી છે. મૂળ બગસરાના જૈન વણિક પરિવારમાં,૨૮ ઓગસ્ટ ૧૮૯૬માં ચોટીલા ખાતે જન્મેલા ઝવેરચંદના ફોજદાર પિતાની બદલી થતી રહેતી હોવાથી તેમનું પ્રાથમિક શિક્ષણ ચોટીલા, દાઠા, પાળીયાદ, બગસરામાં થયું. અમરેલી તેમ જ રાજકોટમાં માધ્યમિક શિક્ષણ પૂરું કરીને ભાવનગરની શામળદાસ કોલેજમાં તેમણે પ્રવેશ મેળવ્યો. અંગ્રેજી અને સંસ્કૃત વિષય સાથે ૧૯૧૬માં ગ્રેજ્યુએશન પૂરું કર્યું. થોડો સમય ભાવનગરની હાઈસ્કૂલમાં ખંડ સમયના શિક્ષક તરીકે કામ કરી, ૧૯૧૭માં કોલકાતાની એલ્યુમિનિયમ કંપનીમાં ગોઠવાયા. દરમિયાન એક વાર ઈંગ્લેન્ડ પણ જવાનું બન્યું. પરંતુ માતૃભૂમિ પરના અપાર આકર્ષણ અને જન્મભૂમિ તરફના પ્રેમથી ખેંચાઈને ૧૯૨૦ માં બગસરા પાછા ફર્યા. રાણપુરના "સૌરાષ્ટ્ર" અખબારમાં કોલમ લખવાનું શરૂ કર્યું અને ૧૯૩૫ સુધી "સૌરાષ્ટ્ર" ના તંત્રી રહ્યા. આ સમય દરમિયાન સૌ પ્રથમ પુસ્તક "કુરબાનીની કથાઓ" પ્રકાશિત થયું. ત્યારબાદ "સૌરાષ્ટ્રની રસધાર" ના પાંચ ભાગનું સંકલન કર્યું અને બંગાળી ભાષાની કૃતિઓનું ભાષાંતર કર્યું. ૧૯૨૬ માં" વેણીનાં ફૂલ" કાવ્ય સંગ્રહ પ્રકાશિત થયો. ૧૯૨૮ માં લોક સાહિત્યમાં સંશોધન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક થી વિભુષિત થયા.આઝાદીના જંગમાં "સિંધુડો" એ પ્રાણ પૂર્યા, પરિણામે બે વર્ષ જેલવાસ વેઠ્યો. ૧૯30 માં "ઝેરનો કટોરો" કાવ્યે, ગાંધીજી દ્વારા એમને "રાષ્ટ્રીય શાયર" નું બિરુદ અપાવ્યું.૧૯૩૪માં મુંબઈમાં સ્થાયી થયા. "જન્મભૂમિ" માં "કલમ અને કિતાબ" કોલમ તેમ જ નવલકથાઓ લખવાની શરુઆત કરી. ૧૯૩૬થી ૧૯૪૫ સુધી "ફૂલછાબ"ના સંપાદક તંત્રી તરીકે ભુમિકા નિભાવી અને પત્રકારત્વના ક્ષેત્રે નવી ભાત પાડી. ૧૯૪૬માં રવિશંકર મહારાજના જીવન પર આધારિત "માણસાઈના દીવા" ને મહિડા પારિતોષિક પ્રાપ્ત થયું. એ જ વર્ષે તેઓ ગુજરાતી સાહિત્ય પરિષદ ના સાહિત્ય વિભાગના વડા તરીકે નીમાયા.૯ માર્ચ ૧૯૪૭નાં દિવસે, ૫૦ વર્ષની ઘણી નાની કહી શકાય એ ઉંમરે, હૃદય રોગના હુમલામાં તેમના બોટાદ સ્થિત નિવાસસ્થાને તેમનું મૃત્યુ થયું. આવા અનોખા વ્યક્તિત્વના સ્વામી, સમર્થ સાહિત્યકાર, લોક સાહિત્યકાર- વાર્તાકાર, નવલકથાકાર, નાટ્યકાર, કવિ, અનુવાદક, સંશોધક, પત્રકાર..... એમ સાહિત્યની વિધવિધ વિદ્યાઓના જ્ઞાતા, મહા માનવ મેઘાણીભાઈને તેમની એંસીમી પુણ્યતિથિ નિમિત્તે પૂજ્ય બાપુ માનસના માધ્યમથી શ્રદ્ધાંજલિ - સ્મરણાંજલિ આપવા બગસરા આવી રહ્યા છે. તલગાજરડી ત્રિભુવનીય વિશ્વ વાટિકાના ફ્લાવર્સ અને ગુજરાતી સાહિત્ય વિશ્વ સાથે સંકળાયેલ મહાનુભાવોએ કથાનું રસપાન કરવા બગસરાની વાટ પકડી છે. - મનોજ જોશી (મહુવા)

આપના કિંમતી મસાલા વજન કરીને આપવું, વજન કરીને લેવું.
ઘાણાજીરૂ - હળદર અલગ-અલગ ઘંટીએ દળી આપીશું.

ખાત્રી બંધ દળી આપીશું...

# આવળીયા ફ્લોર મિલ

ફરાળ બારે મહિના દળી આપીશું...

બારેય મહિનાનાં મસાલા બારેય મહિના દળી આપીશું...

મણીભાઈ ચોક, કપોળ મહાજનવાડીના પાછળના ડેલાની કોર્નર, સાવરકુંડલા.

મો. ૯૪૦૯૨ ૭૧૩૯૩/૯૯૭૯૯ ૩૫૧૭૫

ઝડપી સર્વિસ...


સવારના ૭ થી રાત્રીના ૧૧ સુધી..

તારીખ : 01/03/2026

# સાવરકુંડલાના જાબાળ અને બાઢડા વચ્ચે હાઈવે પર ચાલુ ટ્રકમાં આગ,

## ફાયર બ્રિગેડે કાબુ મેળવતા દુર્ઘટના ટળી.

સાવરકુંડલા તાલુકાના બાઢડા અને જાબાળ ગામની વચ્ચે હાઈવે પરથી પસાર થઈ રહેલા એક ટ્રકના કેબિનમાં અચાનક આગ લાગતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. આગ લાગતા પહેલા કેબીન માંથી ધુવાડાના ગોટેગોટા નીકળ્યા હતા. સદનસીબે તે સમયે નજીકમાં જ રોડનું કામ ચાલતું હોવાથી ત્યાં હાજર પાણીના ટેન્કરે તાત્કાલિક મદદ પહોંચાડી હતી. અને ફાયર ટીમ પહોંચે તે પહેલા ટેન્કર દ્વારા પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરતી અટકાવવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા હતા આ ઘટનાની જાણ થતા જ સાવરકુંડલા ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને ફાયર ટીમ અને સ્થાનિક ટેન્કરના સંયુક્ત પ્રયાસોથી પાણીનો મારો ચલાવી આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવાયો હતો અને દુર્ઘટના ટળી હતી.



તારીખ : 01/03/2026

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શ્રદ્ધાંજલી



## સ્વ. દેવબાઈબેન નાગદાનભાઈ રેણુકા (બારોટ)

(ઉ.વ.૭૫) સ્વ.તા. ૨૭/૨/૨૦૨૬

પરિવાર જેનું મંદિર હતું, સ્નેહ જેની શકિત હતી,
પરિશ્રમ જેનું કર્તવ્ય હતું, પરમાર્થ જેની ભકિત હતી,
તમારા દિવ્ય આત્માને પરમકૃપાળુ
પરમાત્મા સદૈવ શાંતિ અર્પે એવી પ્રાર્થના..

**સ્થળ : બ્લોક નં. ૧૮૦, આસોપાલવ સોસાયટી, હાથસણી રોડ, સાવરકુંડલા.**

નાગદાનભાઈ જીવાભાઈ બારોટ - મો. 99748 30528
ભરતભાઈ નાગદાનભાઈ બારોટ - મો. 94263 35294
પ્રવિણભાઈ નાગદાનભાઈ બારોટ - મો. 97147 52660
કિરણભાઈ નાગદાનભાઈ બારોટ - મો. 70968 92909

કેડી NEWS
તારીખ : 01/03/2026

# રાજુલામાં જળ સંમેલન યોજાયું.





28 ફેબ્રુઆરી 2026 શનિવારના રોજ અમરેલી જિલ્લાના રાજુલા માર્કેટિંગ યાર્ડ ખાતે 'જળ સંમેલન' યોજાયું હતું. આ કાર્યક્રમ ગીરગંગા પરિવાર ટ્રસ્ટ-રાજકોટ અને રાજુલા તાલુકા કૃષિ સેવા સહકારી મંડળીના સંયુક્ત ઉપક્રમે આયોજિત કરાયો હતો. કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી.આર. પાટીલ આ કાર્યક્રમમાં ઉપસ્થિતિ રહ્યા હતા.આ સંમેલનમાં ઊર્જા રાજ્યમંત્રી અને અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરીયા,સાંસદ શ્રી ભરતભાઈ સુતરિયા, રાજુલા જાફરાબાદના ધારાસભ્ય શ્રી હીરાભાઈ સોલંકી,સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા,ધારી બગસરા ખાંભાના ધારાસભ્ય શ્રી જે.વી. કાકડિયા અને રાજુલા જાફરાબાદના પૂર્વ ધારાસભ્ય શ્રી અંબરીશભાઈ ડેર સહિતના રાજકીય સામાજિક આગેવાનો અને જિલ્લાભરના અગ્રણીઓ ખેડૂતો શ્રેષ્ઠિઓ પણ જોડાયા હતા. કાર્યક્રમનો મુખ્ય હેતુ રાજુલા-જાફરાબાદ પંથકમાં જળ સંરક્ષણના કાર્યોને પ્રોત્સાહન આપવાનો હતો.રાજકોટ સ્થિત ગીરગંગા પરિવાર ટ્રસ્ટ ગુજરાતનું એક અગ્રણી NGO છે, જેનો મુખ્ય ઉદ્દેશ્ય સૌરાષ્ટ્રના દુષ્કાળગ્રસ્ત વિસ્તારોમાં જળ સંરક્ષણના કાર્યોને વેગવંતા બનાવવાનો છે. આ ટ્રસ્ટ દ્વારા જનભાગીદારી થકી કુલ 1,11,111 ચેકડેમ બનાવવાનો ભગીરથ સંકલ્પ કરવામાં આવ્યો છે. અંતે ઉલ્લેખનીય છેકે જળ સંકટને દૂર કરવા માટે ટ્રસ્ટ વિવિધ સ્થળોએ જળકથા સહિતના જનજાગૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરે છે.

તારીખ : 01/03/2026

# બાબરામાં તાલુકા વિકાસ અધિકારીનો વિદાય સમારોહ યોજાયો..



અમરેલી જિલ્લાના બાબરામાં તાલુકા પંચાયત કચેરીમાં તાલુકા વિકાસ અધિકારી તરીકે ફરજ બજાવતા મહેશભાઈ શિરોયાની પોતાના વતનમાં બદલી થતા તાલુકા પંચાયત પરિવાર દ્વારા ચરખામાં જે. એચ. રાદડિયા હાઈસ્કૂલ ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ તકે લાઠી પ્રાંત અધિકારી, બાબરા મામલતદાર એ. વી.મકવાણા,તાલુકા ભાજપના પ્રમુખ હિતેશભાઈ કલકાણી, નીતિનભાઈ રાઠોડ, અશોકભાઈ રાખોળિયા, મહેશભાઈ ભાયાણી, પ્રવિણભાઈ કરકર વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.

કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

# ચલાલા નગરપાલિકા દ્વારા સ્વદેશી મેળાનું આયોજન.






ગુજરાત સરકાર અને ચલાલા નગરપાલીકાના સંયુક્ત ઉપક્રમે સ્થાનિક, ઉત્પાદકો,વ્યાપારીઓ, ગૃહઉદ્યોગ, તેમજ લોકલ બનાવટની પ્રોડક્ટને પ્રોત્સાહન આપવાના હેતુથી સ્વદેશી મેળો ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.આ તકે પૂજ્યશ્રી મહાવીરબાપુ સાંસદશ્રી ભરતભાઈ સુતરીયાધારાસભ્યશ્રી જે.વી.ભાઈ કાકડીયા,શ્રી મયુરબાપુ, ભારત ભૂષણ મહેશભાઈ મહેતા, ચલાલા નગરપાલીકાના પ્રમુખશ્રી ભુમીબેન જયરાજભાઈ વાળા, અમરેલી જીલ્લા ભાજપના ઉપપ્રમુખશ્રી ગીતાબેન કારીયા, નગર પાલીકા ઉપપ્રમુખશ્રી પ્રવિણભાઈ માલવિયા,કારોબારી ચેરમેનશ્રી જયશ્રીબેન સોલંકી,શહેર ભાજપ પ્રમુખ જીતુભાઈ કાથરોટીયા, હિંમતભાઈ દોંગા, મનસુખભાઈ કાથરોટીયા, સૂર્યવિરભાઈ વાળા,પરેશભાઈ કાથરોટીયા, અવિરતભાઈ માલા,અશોકભાઈ તલાટીયા, ચપુભાઈ ધાધલ,હિતેષભાઈ રામાણી, બાબાભાઈ વાળા ભચલુભાઈ વાળા,કાળુભાઈ લશ્કરી,કેતનભાઈ સરવૈયા, તેજસગીરી ગૌસ્વામી, ભરતભાઈ માલવિયા, દિનુભાઈ બ્લોચ, કૌશિકભાઈ પરમાર સહિત નગરપાલિકાના સભ્યો, શહેર ભાજપના આગેવાનો,નગર પાલીકા કર્મચારીઓ,વ્યાપારી મિત્રો ખરીદી કરવા માટે શહેરીજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે
બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી,
ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડો. ચિરાગ પરમાર

M.S. (Ortho.)
(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

- અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
- અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
- દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
- ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
- ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
- સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
- દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
- સાંધાનો દુઃખાવો, સ્નાયુનો દુઃખાવો, વા, સંધિવા
- બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
- સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
- એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
- MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડો. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત
(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

- ૨૪ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
- TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
- સ્રીરોગ નિદાન અને સારવાર.
- અત્યાધુનિક પ્રસુતિગૃહ.
- જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
- કુટુંબ નિયોજન કેન્દ્ર.
- વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertili ty Clinic)તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
- ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
- કેન્સર નિદાન ✲ ગુપ્તરોગ (સ્ત્રી/પુરુષ) નિદાન અને સારવાર
- એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

કે.ડી. NEWS
તારીખ : 01/03/2026

# લાઠીના હિરાણામાં ચેકડેમ રીપેરિંગનું ખાતમુહૂર્ત થયું.





અમરેલી જિલ્લાના લાઠી તાલુકાના હિરાણા ગામે કાળુભાર નદી પર રૂ. 52 લાખના ખર્ચે ચેકડેમના રીપેરિંગ અને મજબૂતીકરણના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં લાઠી દામનગરના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયાના હસ્તે આ વિકાસ કાર્યનો શુભારંભ થયો હતો. આ પ્રોજેક્ટથી હિરાણા સહિત આસપાસના ગામોના ખેડૂતોને સિંચાઈ માટે પૂરતું પાણી મળશે અને ભૂગર્ભ જળસ્તર ઊંચું આવશે.

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



કે.ડી. NEWS
તારીખ : 01/03/2026

# અમરેલી જિલ્લામાં સાવજોની લટાર..



અમરેલી જિલ્લામાં સાવજોની લટાર જોવા મળતી હોય છે ત્યારે અમરેલી જિલ્લાના રાજુલાના મોટા આંકડિયા ગામમાં સિંહનું એક ટોળું શિકારની શોધમાં ગામની મુખ્ય શેરીઓમાં આવી ચડ્યું હતું સિંહોની હલચલના દ્રશ્યો ગામમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. ગામમાં કોઈ શિકાર ન મળતા અને કોઈ અવરોધ ઊભો ન થતા સિંહો થોડીવાર બાદ શાંતિથી ગામની બહાર જંગલ વિસ્તાર તરફ પરત ફર્યા હતા જેના સમગ્ર હલચલના દ્રશ્યો ગામમાં લાગેલા સીસીટીવી કેમેરામાં કેદ થયા હતા. આ બાબતે તંત્ર અને અગ્રણીઓ દ્વારા ગ્રામજનોને અપીલ પણ કરવામાં આવી હતી કે રાત્રિના સમયે કામ વગર ઘરની બહાર ન નીકળવા સુચના આપવામાં આવી હતી.

કે.ડી. NEWS
તારીખ : 01/03/2026

# રાજુલાની કુમાર શાળામાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી થઈ.





28 ફેબ્રુઆરી રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસ આ દિવસે રામન ઈફેક્ટ ની શોધ સી વી રામન દ્વારા કરવામાં આવી હતી એ યાદમાં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી થાય છે ત્યારે અમરેલી જિલ્લાના રાજુલાની શ્રી કુમાર શાળા 1 માં રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસની ઉજવણી કરવામાં આવી હતી આ કાર્યક્રમમ વિજ્ઞાન વિકાસ નો આધાર નો સંદેશ સાથે યોજાયો હતો. ધોરણ 6 થી 8 ના વિદ્યાર્થીઓએ વિવિધ વૈજ્ઞાનિક મોડેલો અને પ્રયોગો રજૂ કર્યા હતા. અને શાળાના વિજ્ઞાન પ્રદર્શન પ્રયોગ આધારિત શૈક્ષણિક પ્રવૃત્તિઓ તેમજ નિબંધ સ્પર્ધા જેવી પ્રવૃત્તિઓનું પણ આ તકે આયોજન કરવામાં આવ્યું હતું. શાળાના આચાર્ય હિરલબેન ઠાકર ના માર્ગદર્શન હેઠળ શિક્ષકોના સહયોગથી આ વિજ્ઞાન પ્રદર્શન નું સફળતાપૂર્વક આયોજન થયું હતું અને વિદ્યાર્થીઓએ રોજિંદા જીવનમાં વિજ્ઞાનના મહત્વના દર્શાવતા પ્રયોગો રજુ કર્યા હતા.

એ ગ્રેડ કવોલીટીનાં
65 GSM Rs. 175 મીનીમમ 10 પેકેટ
70 GSM Rs. 190 મીનીમમ 10 પેકેટ
80 GSM Rs. 300
A4 પેકેટ
તમામ પેકેટો હાજરમાં
KD SINCE 1923 NEWS PAPER
દોશી કાંતિલાલ દલીચંદ
દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

તારીખ : 01/03/2026

# કેન્દ્રીય અને રાજ્યનું ચૂંટણી પંચ છે તે સ્વાયત છે: ધારાસભ્ય શ્રી મહેશભાઈ કસવાલા.

ગુજરાતમાં પુરક વીનીયોગ વિધેયકની ચર્ચા અંગે સ્પષ્ટતા કરતા સાવરકુંડલા લીલીયા ના ધારાસભ્ય અને પ્રવકતા શ્રી મહેશ કસવાલાએ વિધાનસભામાં જણાવ્યું હતું કે, કેન્દ્રીય અને રાજ્યનુંચુંટણી પંચ છે તે સ્વાવત છે, તે પરિણામ સુધીની કાર્યવાહી કરે છે પણ રાજ્ય સકારમાં કે કેન્દ્ર સરકારમાં આવતુ નથી. મતદાર યાદી સુધારણાનાં પ્રશ્નો અંગે શ્રી કસવાલાને જણાયું હતું કે, વાદી સુધારણામાં ફોર્મનં ૭માંસવાલો અંગે સ્પષ્ટતાઓ કરી છે. જ્યાં સુધીબીએલઓ પાસેથી માહિતી લીધા પછી યોગ્ય રીતે મતદારોને સાંભળ્યા પછી પીતાનો નિર્ણય જાહેર કરે તે જરૂરી છે. યાદી બહાર પડી ગયા પછી વિરોધની સુર ઉઠયો હોય તે સર્વવિદીન છે. ખોટી રીતે એકપણ તક મતાધીકાર દ્વારા ન ગુમાવે તે પ્રકારે કામગીરી કરી છે. કોગ્રેસ આક્ષેપ કરે છે તે રાજ્ય સરકારનાં કાર્યક્ષેત્રમાં આવતુ નથી. મતદાર તેના રાજ્ય સરકારનાં સંરક્ષણમાં આવતુ હોયતો વિધાનસભામાં ચર્ચા થઈ શકે તેમ પ્રવક્તા શ્રી મહેશ કસવાલાએ જણાવ્યું હતું. પ્રાકૃતિક ખેતી અંગે શ્રી મહેશ કસવાલાએ જણાવ્યુંહતું કે, મારા વિધાનસભા મતવિસ્તારનાં પ્રવાસે અધ્યક્ષશ્રી આવ્યા હતાં ત્યારે હું જોડાયોહતો. અમે ત્રણ. પેઢીથી પ્રાકૃતિક ખેતી કરીએ છીએ. પરંતુ તાત્કાલીક સર્ટીફીકેશન થાય તેવું ડીવાઈસ બનેતો



ખેડુતોને સપોર્ટ મળે. આ પ્રાકૃતિક કે બિનપ્રાકૃતિક તેની પણ ખબર પડે.પ્રાકૃતિક ખેતી અંગે સર્વજન ચર્ચાથાય તેનાથી નાનો માણસ પણ પ્રેરણા લેય હાલ મોટાભાગની ખેતી કરે છે તે શેર કરે તો અન્યને પણ ફાયદોથાય. સરકાર દ્વારા પ્રયત્નો થઈ શકે તો ખેતીમાં ઝેરથી આપણે નિકળી શકીએ. અમારા વિસ્તારનાં એક ગામમાં કેન્સરનાં એટલા દર્દીઓ છે તેપાછળ આંબામાં મબલખ પાક માટે દવાઓ છાંટે છે તેની અસર થાય તેમ શ્રી મહેશ કસવાલાએ. જણાવ્યું હતું.

કે.ડી NEWS

તારીખ : 01/03/2026

# ગુજરાત વિધાનસભા સંકુલ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન થયું.







ગુજરાત વિધાનસભા સંકુલ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી, મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ, વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરી, નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી,મંત્રીમંડળ, જનપ્રતિનિધિઓ અને પ્રાકૃતિક ખેતી કરતા પ્રગતિશીલ ખેડૂતમિત્રો સાથે સહભાગી થયા હતા.રાજ્યપાલશ્રીના પ્રેરણા અને સતત માર્ગદર્શનથી ગુજરાતમાં પ્રાકૃતિક ખેતી જન આંદોલન બની રહી છે, તે આનંદની વાત છે. પ્રાકૃતિક ખેતી અપનાવનારા ખેડૂતો હકીકતમાં તો આવનારી પેઢીઓને તંદુરસ્ત રાખવાનું ખૂબ અગત્યનું કામ કરી રહ્યા છે. પ્રાકૃતિક ખેતીનો આ પરિસંવાદ વધુને વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળવા પ્રેરિત કરશે તેવી લાગણી વ્યક્ત કરું છું.જળ, જમીન, પર્યાવરણ અને માનવ સ્વાસ્થ્ય બચાવવા માટે પ્રાકૃતિક ખેતી જ શ્રેષ્ઠ વિકલ્પ છે. પ્રાકૃતિક ખેતી અને ખેત ઉત્પાદનો જેટલા ઝડપથી આપણે અપનાવી લઈએ એટલું વધારે સારું. તેવું ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું

ક.ડે NEWS

તારીખ : 01/03/2026

# તારક મહેતાની આજે પુણ્યતિથિ..



તારક જાનુભાઈ મહેતા (૨૬ ડિસેમ્બર ૧૯૨૯ - ૧ માર્ચ ૨૦૧૭) એક ભારતીય કટારલેખક, હાસ્યલેખક , લેખક અને નાટ્યકાર હતા જેઓ "દુનિયા ને ઊંધા ચશ્મા" સ્તંભ માટે જાણીતા છે , અને ગુજરાતી રંગભૂમિના જાણીતા વ્યક્તિ હતા.તેમનો હાસ્યમય સાપ્તાહિક કોલમ સૌપ્રથમ માર્ચ ૧૯૭૧ માં ચિત્રલેખામાં પ્રકાશિત થયો હતો અને સમકાલીન મુદ્દાઓને એક અલગ દ્રષ્ટિકોણથી જોતો હતો. તેમણે તેમના સમગ્ર કારકિર્દીમાં ૮૦ પુસ્તકો પ્રકાશિત કર્યા.2008 માં, SAB ટીવી (હવે સોની SAB) - જે ભારતમાં એક લોકપ્રિય મનોરંજન ચેનલ છે - એ તેમના કોલમ પર આધારિત સિટકોમ તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા શરૂ કર્યો, જે ટૂંક સમયમાં ચેનલનો મુખ્ય શો બન્યો.તારક મહેતા ગુજરાતી નાગર બ્રાહ્મણ સમુદાયના હતા.તેઓ 30 વર્ષથી વધુ ઉંમરના તેમના બીજા પત્ની, ઈન્દુ સાથે અમદાવાદ , ગુજરાત ગયા . તેમની પહેલી પત્ની, ઈલા, જેમણે પાછળથી મનોહર દોશી (મૃત્યુ 2009) સાથે લગ્ન કર્યા, તેઓ પણ એ જ એપાર્ટમેન્ટ બિલ્ડિંગમાં રહેતા હતા. તેમના પહેલા લગ્નથી તેમને એક પુત્રી, એશાની હતી, જે યુનાઈટેડ સ્ટેટ્સમાં રહે છે , અને તેમને બે પૌત્રો, કુશાન અને શૈલી છે. તારક મહેતાનું લાંબી બીમારી બાદ ૧ માર્ચ ૨૦૧૭ ના રોજ ૮૭ વર્ષની વયે અવસાન થયું.તેમના પરિવારે તેમના શરીરને તબીબી સંશોધન માટે દાન કર્યું .30 માર્ચ ૨૦૧૫ના રોજ નવી દિલ્હીમાં રાષ્ટ્રપતિ ભવનમાં એક નાગરિક સન્માન સમારોહમાં રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જી તારક મહેતાને પદ્મશ્રી પુરસ્કાર અર્પણ કરી રહ્યા છે .તારક મહેતાને 2015માં ભારતનો ચોથો સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર પદ્મશ્રી એનાયત કરવામાં આવ્યો હતો.ગુજરાત સાહિત્ય અકાદમીએ તેમને 2011માં સાહિત્ય ગૌરવ પુરસ્કાર અને 2017માં રમણલાલ નીલકંઠ હસ્ય પરિતોષિક (મરણોત્તર) એનાયત કર્યા હતા.

કે.ડી. NEWS
તારીખ : 01/03/2026



# ગુજરાતી ભાષાના કવિ મફત ઓઝાની આજે જન્મ જયંતી..

મફત જીવરામ ઓઝા (૧ માર્ચ ૧૯૪૪ – ૨૮ ડિસેમ્બર ૧૯૯૭) ગુજરાતી ભાષાના કવિ, નવલકથાકાર, વિવેચક, સંપાદક હતા.તેમનો જન્મ મહેસાણા જિલ્લાના જામળામાં અને શાળાનો અભ્યાસ મહેસાણા જિલ્લાના સોજામાં થયો હતો. ૧૯૬૨માં તેમણે એસ.એસ.સી., ૧૯૬૭માં ગુજરાતી-હિન્દી વિષયો સાથે ગુજરાત યુનિવર્સિટીમાંથી બી.એ., ૧૯૬૯માં એ જ યુનિવર્સિટીમાંથી ગુજરાતી-સંસ્કૃત વિષયો સાથે એમ.એ., ૧૯૭૮માં પીએચ.ડી.ની પદવીઓ મેળવી. તેઓ અમદાવાદની સરસપુર આર્ટસ એન્ડ કૉમર્સ કૉલેજમાં, વડોદરાની એમ.એસ. યુનિવર્સિટીમાં અધ્યાપક અને પછીથી ગુજરાત યુનિવર્સિટીના ભાષાસાહિત્ય ભવનમાં અધ્યાપક રહ્યા હતા.૨૮ ડિસેમ્બર ૧૯૯૭ના રોજ વડોદરામાં ગુજરાતી સાહિત્ય પરિષદની દ્વિવાર્ષિક સભામાં તેમનું અવસાન થયું હતું.

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે
બેનર
પ્રિન્ટીંગ
પ્રકાશ પ્રિન્ટર્સ
રાજ દરબારગઢ, સાવરકુંડલા
મો. 94277 42117

કે.ડી NEWS

તારીખ : 01/03/2026

# સ્વામિનારાયણ મુખ્ય મંદિર બોટાદ ખાતે,પૂજ્ય સદગુરુ નિત્યસ્વરૂપદાસજી સ્વામી સરધારવાળાની પ્રેરણાથી સંકલ્પસિદ્ધ ચરણારવિંદ સમક્ષ ગોળનો અન્નકૂટ ધરાવાયો

ગઢપુરપતિ શ્રી ગોપીનાથજી મહારાજના તાબાનું અને શ્રી સરધારધામ સંચાલિત શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર - બોટાદ ખાતે,પૂજ્ય સદગુરુ નિત્યસ્વરૂપદાસજી સ્વામી સરધારવાળાની પ્રેરણાથી સદગુરુ શ્રી ગોપાળાનંદ સ્વામી હવેલીમાં મહાપ્રતાપી સંકલ્પસિદ્ધ ચરણારવિંદ સમક્ષ ગોળનો અન્નકૂટ ધરાવાયો હતો...અને બહોળી સંખ્યામાં ભક્તોએ જે અન્નકૂટના દર્શનનો લાભ લીધો હતો..અને દરરોજ હજારો શ્રધ્ધાળુઓ બોટાદધામમાં મહાપ્રતાપી સંકલ્પસિદ્ધ ચરણારવિંદ સમક્ષ ગોળની તેમજ પ્રદક્ષિણાની માનતા માની જીવનને ધન્ય કરવા આવી રહ્યા છે...તમે પણ આ ચરણારવિંદના દર્શન કરવા જરૂર પધારજો... અને તારીખ ૩ માર્ચ ૨૦૨૬, મંગળવારના રોજ શ્રી સ્વામિનારાયણ મુખ્ય મંદિર, રાજપુત ચોરા,બોટાદ ખાતે ધૂળેટી મહાપર્વ પર રંગોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.પૂજ્ય ગુરુજીએ તમામ ભાવિક ભક્તોને આ ઘરસભા અને રંગોત્સવમાં પધારવા આહવાન કરેલ છે....

અહેવાલ કનુભાઈ ખાચર



તારીખ : 01/03/2026

# એપીએમ ટર્મિનલ્સ પીપાવાવે સૌપ્રથમ પ્રકારના એઆઈ એનેબલ્ડ વીઆર કોર્ટરૂમ સિમ્યુલેશન લોન્ચ કરવાની જાહેરાત કરી







આ કાર્યક્રમનું ઔપચારિક ઉદ્ઘાટન ભારતના માનનીય મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત દ્વારા કરવામાં આવ્યું હતું, જે અત્યાધુનિક ટેકનોલોજીના સંકલન દ્વારા કાનૂની શિક્ષણના વિકાસમાં એક સીમાચિહ્નરૂપ ક્ષણ દર્શાવે છે. ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટી કોન્વોકેશનમાં શરૂ કરાયેલો તથા એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની સીએસઆર પહેલના સમર્થન સાથે મર્સ્ક ટ્રેનિંગ દ્વારા વિકસાવવામાં આવેલ આ કાર્યક્રમનો હેતુ દરિયાઈ કાયદા અને વિવાદ નિવારણમાં અનુભવલક્ષી શિક્ષણને મજબૂત બનાવવાનો છે ગાંધીનગર, ગુજરાત – 28 ફેબ્રુઆરી 2026: એક અનન્ય પ્રકારનો પ્રથમ એઆઈ સક્ષમ વર્ચ્યુઅલ રિયાલિટી કોર્ટરૂમ સિમ્યુલેશન પ્રોગ્રામ રજૂ કરવામાં આવ્યો છે, જે ઈમર્સિવ કાનૂની શિક્ષણમાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ પ્રોગ્રામ શીખનારાઓને સંપૂર્ણપણે ઈન્ટરેક્ટિવ વર્ચ્યુઅલ કોર્ટરૂમની અંદર લાવે છે, જે તેમને વાસ્તવિક અને ગંભીર પરિસ્થિતિઓમાં હિમાયત કરવા, પુરાવા રજૂ કરવા, ન્યાયિક જોડાણ કરવા અને વ્યૂહાત્મક કાનૂની તર્કનો અભ્યાસ કરવા સક્ષમ બનાવે છે. તે સિદ્ધાંતથી પ્રાયોગિક શિક્ષણ તરફ આગળ વધીને કોર્ટરૂમ કૌશલ્યો કેવી રીતે શીખવવામાં આવે છે તેને પરિવર્તિત કરવા માટે બનાવવામાં આવ્યો છે. ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના 16મા દીક્ષાંત સમારંભ દરમિયાન શરૂ કરાયેલી આ પહેલ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ દ્વારા તેની કોર્પોરેટ સામાજિક જવાબદારી પ્રતિબદ્ધતા હેઠળ હાથ ધરવામાં આવી છે અને તેને ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટી માટે મર્સ્ક ટ્રેનિંગ દ્વારા વિકસાવવામાં આવી છે. કાયદાના વિવિધ ક્ષેત્રોમાં લાગુ પડતું હોવા છતાં, આ પ્લેટફોર્મ જટિલ દરિયાઈ વિવાદો અને ક્ષેત્ર-સંબંધિત કેસ સિમ્યુલેશનને પણ સમર્થન આપે છે. આ દીક્ષાંત સમારોહમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ માનનીય શ્રી જસ્ટિસ સૂર્યકાંત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમની સાથે સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ માનનીય શ્રી જજ અરવિંદ કુમાર, ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિ માનનીય શ્રીમતી જસ્ટિસ સુનિતા અગ્રવાલ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અને જીએનએલયુના વિઝિટર માનનીય શ્રી જજ નિલય વિપિનચંદ્ર અંજારિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. એઆઈ-સક્ષમ વીઆર કોર્ટરૂમ સિમ્યુલેશન એક ઈમર્સિવ લર્નિંગ વાતાવરણ પ્રદાન કરે છે જે વિદ્યાર્થીઓને સિમ્યુલેટેડ કોર્ટરૂમ માળખામાં વાસ્તવિક કાનૂની પરિસ્થિતિ સાથે જોડાવા માટે સક્ષમ બનાવે છે, જે દરિયાઈ કાયદા, મધ્યસ્થી અને વૈકલ્પિક વિવાદ નિરાકરણમાં વ્યવહારુ સંપર્કને મજબૂત બનાવે છે. ક્લાસરૂમની સૂચના અને વાસ્તવિક દુનિયાના ઉપયોગ વચ્ચેના અંતરને દૂર કરીને, આ પ્રોગ્રામ દરિયાઈ વિવાદો અને મધ્યસ્થી સહિત વિકસતા કાનૂની ક્ષેત્રે ઉદ્યોગ-સંબંધિત ક્ષમતાઓનું નિર્માણ કરવા માટે બનાવવામાં આવ્યો છે. આ પહેલને સક્ષમ કરીને, એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ ગુજરાતના દરિયાઈ અને કાનૂની શિક્ષણ ઈકોસિસ્ટમમાં સંસ્થાકીય ક્ષમતા નિર્માણને સમર્થન આપવાનું ચાલુ રાખે છે. આ સહયોગ નવીનતા-આધારિત શિક્ષણને આગળ વધારવા અને માળખાગત શૈક્ષણિક-ઉદ્યોગ ભાગીદારી દ્વારા રાજ્યના દરિયાઈ ક્ષેત્રને મજબૂત બનાવવાની સહિયારી પ્રતિબદ્ધતા દર્શાવે છે. સમારંભ દરમિયાન, ભારતના મુખ્ય ન્યાયાધીશ માનનીય શ્રી ન્યાયમૂર્તિ સુર્ય કાંતએ જણાવ્યું,"આ એ.પી.એમ. ટર્મિનલ્સ પિપાવાવ દ્વારા કરવામાં આવેલી એક પ્રભાવશાળી પહેલ છે. વકીલોની પ્રાયોગિક તાલીમને મજબૂત બનાવવાના દિશામાં આ એક મૂલ્યવાન પગલું છે અને હું તેના માટે આશાસ્પદ ભવિષ્ય જોઈ રહ્યો છું." એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના મેનેજિંગ ડિરેક્ટર ગિરીશ અગ્રવાલે જણાવ્યું હતું કે, "જેમ જેમ ભારતનું દરિયાઈ ક્ષેત્ર કદ અને જટિલતાની બાબતે વિસ્તરી રહ્યું છે, તેમ તેમ અદ્યતન ડિજિટલ અને એઆઈ-સંચાલિત ક્ષમતાઓનું એકીકરણ હવે વૈકલ્પિક નથી, તે પાયાની બાબત છે. એપીએમ ટર્મિનલ્સ પીપાવાવ ખાતે, અમે માનીએ છીએ કે મરીન ઈકોસિસ્ટમને મજબૂત બનાવવી એ ઈન્ફ્રાસ્ટ્રક્ચરથી આગળની બાબત છે, તેમાં શિક્ષણ, નવીનતા અને સંસ્થાકીય ક્ષમતામાં રોકાણનો સમાવેશ થાય છે. આ સીએસઆર-સમર્થિત પહેલ દ્વારા, અમે એક ભવિષ્યલક્ષી શિક્ષણ પ્લેટફોર્મમાં યોગદાન આપવાનો આનંદ અનુભવીએ છીએ, જે વિદ્યાર્થીઓને વ્યવહારુ અનુભવ અને ઉદ્યોગ-સંબંધિત ક્ષમતાઓ, નેતૃત્વ અને કુશળતાનું નિર્માણ કરે છે, જે ભારતના દરિયાઈ વિકાસના આગામી તબક્કાને આકાર આપશે." આ પ્રસંગે એપીએમ ટર્મિનલ્સ પીપાવાવના સીએસઆર હેડ કર્નલ અંકુર વશિષ્ઠે જણાવ્યું હતું કે, "શિક્ષણ અને કૌશલ્ય વિકાસને ટેકો આપવો એ અમારી સીએસઆર ફિલોસોફીનો મુખ્ય આધારસ્તંભ છે. આ પહેલ દ્વારા, અમને એક નવીન શિક્ષણ પ્લેટફોર્મમાં યોગદાન આપતા આનંદ થાય છે, જે વિદ્યાર્થીઓને વ્યવહારુ અનુભવ અને દરિયાઈ અને કાનૂની ક્ષેત્રો સાથે સંબંધિત ભવિષ્યલક્ષી ક્ષમતાઓથી સજ્જ કરે છે." ગુજરાત નેશનલ લૉ યુનિવર્સિટીના ડિરેક્ટર અને ગુજરાત મેરીટાઈમ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ પ્રો. (ડૉ.) એસ. શાંતાકુમારે ઉમેર્યું હતું કે, "કાનૂની શિક્ષણમાં એઆઈ-સક્ષમ વર્ચ્યુઅલ રિયાલિટી ટૂલ્સનું એકીકરણ અનુભવલક્ષી અને વ્યવહાર-લક્ષી શિક્ષણ તરફ એક મહત્વપૂર્ણ પગલું છે. આ પહેલ વિદ્યાર્થીઓને, ખાસ કરીને દરિયાઈ કાયદા અને વિવાદ નિવારણમાં, વિકસતા વૈશ્વિક કાનૂની ક્ષેત્રે જરૂરી કુશળતા અને અનુભવથી સજ્જ કરવાના અમારા પ્રયાસોને મજબૂત બનાવે છે. અમે આ સહયોગ દ્વારા આપવામાં આવેલા સમર્થનની પ્રશંસા કરીએ છીએ." આ પહેલ એપીએમ ટર્મિનલ્સ પીપાવાવની શિક્ષણને મજબૂત બનાવવા અને ભવિષ્ય માટે તૈયાર પ્રતિભાના નિર્માણ માટે સતત સીએસઆર પ્રતિબદ્ધતા દર્શાવે છે, જે અર્થપૂર્ણ શૈક્ષણિક અને સંસ્થાકીય ભાગીદારી દ્વારા ભારતના દરિયાઈ ઉદ્યોગના લાંબા ગાળાના વિકાસ, સ્થિતિસ્થાપકતા અને વૈશ્વિક સ્પર્ધાત્મકતામાં ફાળો આપે છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્ક્રીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

નો નેગેટીવ ન્યૂઝ
કે.ડી. NEWS
તારીખ : 01/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
12K
Reactions and plays
1,526
1,23,873
76 00 76 80 76
Reactions and plays
1,573
1,22,466
Reactions and plays
821
1,03,175
શ્રી ગોકુલ જ્વેલર્સ
Vishwa karma Industrials
Reactions and plays
887
1,01,645
Reels
Friends
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634
94,382
Reactions and plays
1,149
99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 01/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

**New collection**

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ
ની તમામ આઈટમ મળશે..

લાઈવ કેક માટે મુલાકાત લ્યો

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




એક દિવસ પતિને વિચાર આવ્યો કે પત્નીને સરપ્રાઈઝ દવ પત્ની સુતી હતી અને વહેલો ઉઠી સંતાન માટે નાસ્તો અને બેગ તૈયાર કરી છોકરાને ઉઠાડી તૈયાર કરી જ્યારે દરવાજા પાસે પહોંચે છે અને સ્કૂલે મૂકવા જવાનું કહે છે ત્યારે પત્ની ધીમા અવાજે કહે છે આજે રવિવાર છે.

નો નેગેટીવ ન્યૂઝ
કે.ડી. NEWS
તારીખ : 01/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ૧ માર્ચ
# મહત્વની ઘટનાઓ

૧૭૯૦ – યુનાઈટેડ સ્ટેટ્સની પ્રથમ વસ્તી ગણતરીને અધિકૃત કરવામાં આવી.

૧૭૯૬ – ડચ ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું બાટાવિયન રિપબ્લિક દ્વારા રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું.

૧૮૭૨ – યલોસ્ટોન નેશનલ પાર્કની વિશ્વના પ્રથમ રાષ્ટ્રીય ઉદ્યાન તરીકે સ્થાપના કરવામાં આવી.

૧૮૯૩ - ઈલેક્ટ્રિકલ એન્જિનિયર નિકોલા ટેસ્લાએ સેન્ટ લૂઈસ, મિઝોરીમાં રેડિયોનું પ્રથમ જાહેર પ્રદર્શન કર્યું.

૧૯૧૪ – ચીન યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (વૈશ્વિક ડાક સંઘ)માં જોડાયું.

૧૯૨૧ – વોરવિક આર્મસ્ટ્રોંગની કપ્તાની હેઠળની ઓસ્ટ્રેલિયન ક્રિકેટ ટીમ એશિઝ ટુર્નામેન્ટમાં વ્હાઈટવોશ કરનાર પ્રથમ ટીમ બની.

૧૯૪૭ – આંતરરાષ્ટ્રીય મુદ્રા કોશે (IMF) નાણાકીય કામગીરીની શરૂઆત કરી.

૧૯૬૧ – યુગાન્ડાએ તેની પ્રથમ ચૂંટણી યોજી.

૧૯૭૧ – પાકિસ્તાનના પ્રમુખ યાહ્યા ખાને રાષ્ટ્રીય ધારાસભાના બાકી રહેલા સત્રને અનિશ્ચિત કાળ માટે મુલતવી રાખ્યું, જેના કારણે પૂર્વ પાકિસ્તાનમાં મોટાપાયે સવિનય કાનૂનભંગ થયો.

૧૯૯૧ – સદ્દામ હુસૈન વિરુદ્ધ ઈરાકમાં બળવો શરૂ થયો, જેના કારણે ૨૫૦૦૦ થી વધુ લોકો મૃત્યુ પામ્યા, જેમાં મોટા ભાગના નાગરિકો હતા.

૧૯૯૨ – બોસ્નિયા અને હર્ઝેગોવિનાએ સોશિયાલિસ્ટ ફેડરલ રિપબ્લિક ઓફ યુગોસ્લાવિયાથી તેની સ્વતંત્રતા જાહેર કરી.

૧૯૯૮ – ટાઈટેનિક વિશ્વભરમાં ૧ અબજ ડોલરથી વધુની કમાણી કરનારી પ્રથમ ફિલ્મ બની.

૨૦૦૩ – આંતરરાષ્ટ્રીય અપરાધિક ન્યાયાલયે હેગમાં તેનું ઉદ્‌ઘાટન સત્ર યોજ્યું.

૨૦૦૬ – અંગ્રેજી ભાષાના વિકિપીડિયાએ તેના દસ લાખમા લેખ ('જોર્ડનહિલ રેલવે સ્ટેશન')નું સીમાચિહ્ન હાંસલ કર્યું.

**જન્મ** -૧૯૪૪ – મફત ઓઝા, ગુજરાતી ભાષાના કવિ, નવલકથાકાર, વિવેચક, સંપાદક (અ. ૧૯૯૭)

૧૯૪૪ – બુદ્ધદેવ ભટ્ટાચાર્ય, ભારતીય રાજકારણી, પશ્ચિમ બંગાળના સાતમા મુખ્યમંત્રી

૧૯૮૩ – મેરી કોમ ઓલિમ્પિક પદક વિજેતા ભારતીય મહિલા મુક્કેબાજ

૧૯૯૪ – જસ્ટિન બીબર, કેનેડિયન પોપ ગાયક, ગીતકાર અને અભિનેતા

**અવસાન** - ૧૯૨૪ – ગોપીનાથ સાહા, ભારતીય સ્વાતંત્ર્ય સેનાની (જ. ૧૯૦૫)

૧૯૮૯ – વસંતદાદા પાટિલ, ભારતીય રાજકારણી, મહારાષ્ટ્રના પાંચમા મુખ્ય પ્રધાન (જ. ૧૯૧૭)

૨૦૧૭ – તારક મહેતા, ગુજરાતી નાટ્યલેખક અને હાસ્યલેખક (જ. ૧૯૨૯)

૨૦૧૮ – કિશોર જાદવ, ગુજરાતી સાહિત્યકાર (જ. ૧૯૩૮)

**તહેવારો અને ઉજવણીઓ**

શૂન્ય ભેદભાવ દિવસ

સ્વ-ઈજા જાગૃતિ દિવસ

વિશ્વ નાગરિક સંરક્ષણ દિવસ

તારીખ : 01/03/2026

નો નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

## રફ ચોપડા



તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"મારા જીવનમાં રહેલા દોષોનો સફાયો બોલાવી દેવાના મારા પ્રચંડ પણ પુરુષાર્થને ત્યાં સુધી સફળતા નથી જ મળવાની જ્યાં સુધી મારા મનમાં રહેલ દોષદ્રષ્ટિનો સફાયો બોલાવી દેવામાં હું સફળ નથી બનતો."

આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



તારીખ : 01/03/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

**94997 97973**

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 01/03/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



કે.ડી. NEWS
નો નેગેટીવ ન્યુઝ
તારીખ : 01/03/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો
કે.ડી ન્યૂઝ સાથે...




સંપર્ક : મો. 9499797973